
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
લવાજમ અને જાહેરાતનો ચેક/ ડ્રાફ્ટ
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 47 • Dt. 18-08-2025 • Monday • Rs.5-00 • • Page-4

### વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી કહ્યું

# પરમાણુ ધમકીઓથી નહીં ડરીએ : લોહી અને પાણી એકસાથે ના વહી શકે

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સતત ૧૨મી વખત તિરંગો ફરકાવ્યો હતો



નવી દિલ્હી

દેશ આજે ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તેનો ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી સતત ૧૨મી વખત તિરંગો ફરકાવ્યો હતો. પીએમ મોદીએ લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. સ્વતંત્રતા દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી હતી. દિલ્હીમાં સુરક્ષા દળો પણ એલર્ટ મોડ પર હતા. પ્રધાનમંત્રી મોદી પદ પર રહીને તેમનું ૧૨મું ભાષણ આપી રહ્યા હતા.

દેશને સંબોધન કરતી વખતે પીએમ મોદીએ કહ્યું કે, આઝાદીનો પર્વ સંકલ્પોનો પર્વ છે. એકતાની ભાવનાને દેશ મજબૂત બનાવી રહ્યો છે. સંવિધાન પ્રકાશ સ્તંભ બની દેશને પ્રકાશિત કરી રહ્યો છે. આ સામૂહિક સિદ્ધિઓનો પર્વ છે. લાલ કિલ્લા પર આજે ઘણા ખાસ મહાનુભાવો હાજર છે. આપણે કલમ ૩૭૦ની દિવાલ તોડીને ડો. શ્યામા પ્રસાદ મુખર્જીને સાચી શ્રદ્ધાંજલિ આપી છે.

૧૫ ઓગસ્ટનું વિશેષ મહત્વ પણ જોવા મળી રહ્યું છે. આજે મને લાલ કિલ્લાની પ્રાચીર પરથી ઓપરેશન સિંદૂરના બહાદુર સૈનિકોને સેલ્યુટ કરવાનો મોકો મળ્યો. આપણા બહાદુર સૈનિકોએ દુશ્મનોને તેમની કલ્પના બહારની સજા આપી અને પહેલગામમાં સરહદ પારથી આતંકવાદીઓએ આવી જે રીતે નરસંહાર કર્યો. ધર્મ પૂછી-પુછીને લોકોને મારવામાં આવ્યા. પત્નીની સામે પતિને ગોળી મારી દેવામાં આવી, બાળકોની સામે પિતાને મારી નાખવામાં આવ્યા. આખું હિન્દુસ્તાન આક્રોશથી ભરેલું છે. ઓપરેશન સિંદૂર એ આક્રોશની અભિવ્યક્તિ છે. પાકિસ્તાનમાં થયેલી તબાહી એટલી મોટી છે કે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. આપણો દેશ ઘણા દાયકાઓથી આતંકવાદ સહન કરી રહ્યો છે. દેશની છાતી વીંધાઈ ગઈ છે. આપણે હવે આતંકવાદ અને આતંકવાદીઓને પોષનારાઓને શક્તિ આપનારાઓને હવે અલગ-અલગ નહીં ગણીએ. તેઓ માનવતાના સમાન દુશ્મનો છે. તેમની વચ્ચે કોઈ ફરક નથી. ભારતે નક્કી કરી લીધું છે કે પરમાણુ ધમકીઓને હવે આપણે સહન નહીં કરીએ. પરમાણુ બ્લેકમેલ ઘણા સમયથી ચાલી રહ્યું છે. પરંતુ આપણે તેને સહન નહીં કરીએ. આપણા બહાદુર સૈનિકોએ દુશ્મનોને તેમની કલ્પના બહાર સજા આપી છે.

લાલ કિલ્લાની પ્રાચીર પરથી પીએમ મોદીએ કહ્યું કે, ભારતે નક્કી કર્યું છે કે લોહી અને પાણી એકસાથે વહેશે નહીં. ભારતીય નદીઓનું પાણી દુશ્મનો સિંચાઈ કરી રહ્યું છે. હિન્દુસ્તાનને તેનો અધિકાર પાણી મળશે. તેના પર હિન્દુસ્તાનના ખેડૂતોનો અધિકાર છે. સિંધુ કરાર એકતરફી અને અન્યાયપૂર્ણ હતો. રાષ્ટ્રીય હિતમાં આ કરાર સ્વીકાર્ય નથી. વડાપ્રધાન મોદીએ દેશને સંબોધન કરતા કહ્યું કે, ગુલામીએ આપણને ગરીબ બનાવી દીધા છે. આત્મનિર્ભરતા ખૂબ જ જરૂરી છે. તેથી આપણી સામર્થ્યને બચાવી રાખવા અને વધારો કરવા માટે આત્મનિર્ભર બનવું ખૂબ જ જરૂરી છે. આપણે ઓપરેશન સિંદૂરમાં જોયું કે મેડ ઈન ઈન્ડિયાએ અજાયબીઓ કરી. દુશ્મનને પણ ખબર નહોતી કે ક્યાં-ક્યાં હથિયાર હતા. જો આપણે આત્મનિર્ભર ન હોત, તો શું ઓપરેશન સિંદૂર આટલી ઝડપી ગતિથી કરી શક્યા હોત?

ખબર નથી કે કયા સાધનો મળશે, તેની ચિંતા રહેતી. પરંતુ આપણે મેડ ઈન ઈન્ડિયાની શક્તિ સેનાના હાથમાં આપી, તેથી ચિંતા કર્યા વિના, કોઈ અવરોધ વિના, કોઈ ખચકાટ વિના, આપણી સેનાએ પોતાનું બહાદુરીનું પ્રદર્શન કરતી રહી. છેલ્લા ૧૦ વર્ષથી સતત ડિફેન્સના ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના મિશનને લઈ ચાલ્યા છે.

### પીએમ મોદીએ લાલ કિલ્લાથી દુશ્મનોને આપી ચેતવણી

# ભગવાન કૃષ્ણની તર્જ પર "મિશન સુદર્શન ચક્ર" લોન્ચ

નવી દિલ્હી : સ્વતંત્રતા દિવસ નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધન કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મિશન સુદર્શન ચક્રની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે જ્યારે યુદ્ધની ટેકનોલોજી સતત બદલાતી રહે છે, ત્યારે ભારતે પણ તેની સંરક્ષણ ક્ષમતાને તે જ હદ સુધી વધારવી પડશે. સુરક્ષાના મહત્વ પર ભાર મૂકતા પીએમ મોદીએ કહ્યું કે ૨૦૩૫ સુધીમાં દેશના તમામ મહત્વપૂર્ણ સ્થળો, વ્યૂહાત્મક સ્થળોથી લઈને હોસ્પિટલો, રેલ્વે સ્ટેશનો અને શ્રદ્ધાના કેન્દ્રો સુધી, આધુનિક તકનીકી સુરક્ષા કવચથી સજ્જ કરવામાં આવશે. આનાથી દરેક નાગરિક સુરક્ષિત અનુભવશે અને આપણી ટેકનોલોજી કોઈપણ તકનીકી હુમલાનો વધુ શક્તિશાળી રીતે જવાબ આપી શકશે. વાસ્તવમાં ભગવાન કૃષ્ણની કથા સંભળાવતા પીએમ મોદીએ કહ્યું કે જેમ મહાભારતમાં શ્રી કૃષ્ણે પોતાના સુદર્શન ચક્રથી સૂર્યપ્રકાશને રોકીને દિવસને અંધારામાં ફેરવી દીધો હતો, તેવી જ રીતે ભારતનું મિશન સુદર્શન ચક્ર દુશ્મનના હુમલાઓને નિષ્ફળ બનાવશે અને અનેક ગણી વધુ શક્તિથી બદલો લેશે. આ એક શક્તિશાળી શસ્ત્ર પ્રણાલી હશે, જે ફક્ત હુમલાઓને નિષ્ફળ બનાવશે નહીં પરંતુ વ્યૂહાત્મક રીતે દુશ્મનને હરાવવામાં પણ સક્ષમ હશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું, આજે મને લાલ કિલ્લાની પ્રાચીર પરથી ઓપરેશન સિંદૂરના બહાદુર સૈનિકોને સલામ કરવાનો અવસર મળ્યો છે. આપણા બહાદુર સૈનિકોએ દુશ્મનોને તેમની કલ્પના બહાર સજા આપી છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં સરહદ પારથી આતંકવાદીઓએ જે પ્રકારનો નરસંહાર કર્યો, લોકોનો ધર્મ પૂછીને તેમની હત્યા કરવામાં આવી. આખું ભારત ગુસ્સાથી ભરાઈ ગયું હતું. ઓપરેશન સિંદૂર એ ગુસ્સાની અભિવ્યક્તિ છે. આપણી સેનાએ એવું કર્યું જે ઘણા દાયકાઓથી ક્યારેય બન્યું ન હતું. તેઓએ દુશ્મનની ભૂમિમાં ઘૂસીને આતંકવાદી મુખ્યાલયને જમીનદોસ્ત કરી દીધું.

આ ઉપરાંત, પીએમ મોદીએ ઘણી બધી વાતો કહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે હું યુવા વૈજ્ઞાનિકો, પ્રતિભાશાળી યુવાનો, એન્જિનિયરો વ્યાવસાયિકો અને સરકારના તમામ વિભાગોને વિનંતી કરું છું કે આપણી પાસે આપણા પોતાના મેડ ઈન ઈન્ડિયા ફાઈટર પ્લેન માટે જેટ એન્જિન હોવા જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશનો દરેક નાગરિક અવકાશ ક્ષેત્રનો અજાયબી જોઈ રહ્યો છે. અમારા ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અવકાશ મથકથી પાછા ફર્યા છે અને આગામી દિવસોમાં ભારત આવી રહ્યા છે. અમે અવકાશમાં સ્વ-નિર્ભર ભારત ગગનયાન માટે પણ તૈયારી કરી રહ્યા છીએ.

## તંત્રીની કલમે................

# સંધિ કરીને યુક્રેનના ખનિજ સમૃદ્ધ ડોનેત્સ્ક પડાવી લેવાની પુતિનની યોજના


Editor- Nilay H. Mehta

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે અલાસ્કામાં થનારી બેઠક અનેક મુદ્દે મહત્ત્વની સાબિત થાય તેમ છે. જિયો પોલિટિક્સના જાણકારો માને છે કે, આ બેઠકમાં યુક્રનને શું મળશે તે ખબર નથી પણ રશિયા અને અમેરિકા બંને પોતાનો ફાયદો કરી લે તેમ દેખાઈ રહ્યું છે. હાલમાં એવી ચર્ચાએ જોર પકડયું છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવા માટે પુતિન અને ટ્રમ્પ શાંતિ માટે જમીન સમજૂતી અપનાવી લે.

જો ખરેખર ટ્રમ્પ અને પુતિનનો આ દાવ સફળ રહ્યો તો ત્રણ વર્ષ સંઘર્ષ કર્યા બાદ પણ યુક્રેનના હાથમાં કાણો પૈસો પણ આવશે નહીં અને ઉપરથી તેને ડોનેત્સ્ક છોડવાનો આદેશ આપવામાં આવશે. આ રીતે બળ નહીં તો કળથી પણ યૂક્રેનનો પ્રદેશ રશિયા પડાવી લેશે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલાં ઝેલેન્સ્કીએ આ મુદ્દે શંકા વ્યક્ત કરી હતી. તેઓ કહેતા હતા કે, અલાસ્કા બેઠકમાં યુદ્ધ વિરામના નામે પુતિન બાકીનું ડોનેત્સ્ક પડાવી લેવાનું કાવતરું કરી શકે છે પણ યુક્રેન તેમને ક્યારેય તાબે થશે નહીં. જો ખરેખર અમેરિકા અને રશિયા આ માટે દબાણ કરશે તો યુક્રેનની સંપ્રભુતા ખોરવાઈ જશે અને એક રક્ષણાત્મક અભિગમ જે કેળવાયો છે તે પણ ખતમ થઈ જશે. તેના પછી રશિયાને છૂટોદોર મળી જશે અને તે ગમે ત્યારે આક્રમણનો રસ્તો પસંદ કરી લેશે.

રશિયા ગમે ત્યારે આક્રમણ કરી શકે છે જેમાં જરાય બેમત નથી. રશિયાએ વર્તમાન સમયમાં યુક્રેનનો લગભગ ૧૯ ટકા જમીની ભાગ કબજે કરી લીધો છે. તેણે ક્રીમિયા અને ડોનબાસ વિસ્તારોના કેટલાક ભાગ ફેબ્રુઆરી ૨૦૨૨માં જ યુદ્ધ પહેલાં જ કબજે કરી લીધા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે, હાલમાં જે રીતે રશિયા સાથે ચર્ચાનો માહોલ જામ્યો છે તે પ્રમાણે પુતિન માની જશે અને યુક્રેનને તેના મુખ્ય પ્રદેશો પાછા આપી દેશે. બીજી તરફ જાણકારો માને છે કે, પુતિન કયા મુદ્દે સહમત થશે અને કયા મુદ્દે નહીં તે કળવું મુશ્કેલ છે.

ઉલ્લેખનીય છે કે, પુતિનનું માનવું છે કે, ડોનેત્સ્ક, લુહાંસ્ક સહિત પૂર્વ યુક્રેનના કેટલાક ભાગ રશિયાના સાંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાનો ભાગ છે. તેઓ આ વિસ્તારોને રશિયા સાથે જોવા માગે છે. તેઓ યુક્રેનના ડોનેત્સ્ક લુહાંસ્ક, ખેરસન અને જોપોરિજિયા જેવા ચાર વિસ્તારોને અધિકારિક રીતે રશિયા સાથે જોડી દેવા માગે છે. તેના કારણે ભવિષ્યમાં કોઈ પશ્ચિમી દેશનું યુક્રેનને સમર્થન ન મળે અને આ તમામ પ્રદેશો ઉપર આથક-સામરિક રીતે રશિયાનું આધિપત્ય સ્થાપિત થઈ જાય. બીજી તરફ એવું પણ છે કે, સંઘર્ષ દરમિયાન કે તેની પહેલાં રશિયાએ યુક્રેનના જે ભાગ ઉપર કબજો કરી લીધો છે તે તમામ ભાગને પોતાનો વિસ્તાર માને છે. તે આર્થિક રીતે તથા રશિયાની આંતરિક સુરક્ષાના ભાગરૂપે પણ મહત્ત્વના પ્રદેશો માને છે.યુક્રેનના પ્રાંતોની વાત કરીએ તો સૌથી પહેલાં ડોનબાસ એટલે કે ડોનેત્સ્ક અને લુહાંસ્કને સંયુક્ત રીતે ઓળખવામાં આવે છે. પૂર્વ યુક્રેનના આ વિસ્તારો ઔદ્યોગિક વિસ્તારો ગણાય છે.

અહીંયા રશિયાનોની વસતી વધારે છે. ૨૦૧૪થી અહીંયા રશિયન સમર્થિત અલગાવવાદ શરૂ થઈ ગયો હતો. રશિયા આ વિસ્તારોને પોતાના બફરઝોન તરીકે માને છે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


## અમદાવાદ રિવરફ્રન્ટ પર હચમચાવી દેતો બનાવ

# માતાની તરતી લાશ સાથે ચોંટી રહી બે વર્ષની બાળકી



અમદાવાદ

અમદાવાદના ફેવરિટ પિકનિક સ્પોટ સાબરમતી રિવરફ્રન્ટ પરથી હચમચાવી દેતા દ્રશ્યો સામે આવ્યા છે. શુક્રવારે બે વર્ષની બાળકી સાથે માતાએ નદીમાં ઝંપલાવ્યું હતું, જેમાં માતા અને બાળકી બંનેનું મોત નિપજ્યું છે. પરંતું માતાની તરતી લાશ સાથે બાળકી ચોંટી રહેવાના વીડિયો હૃદયસ્પર્શી બની રહ્યાં છે.

શુક્રવારે ૧૫ ઓગસ્ટના રોજ ઉસ્માનપુરા બગીચા પાછળ સાબરમતી નદીમાં એક મહિલાએ પોતાની નાનકડી બાળકીનો હાથ પકડીને પડતુ મૂક્યું હતું. આ બાદ ફાયર બ્રિગેડને કોલ કરતા ટીમ સ્થળ પર પહોંચી રેસ્ક્યુ કર્યું હતું. માતાનું ડૂબી જવાના કારણે મોત નિપજ્યું હતું,

જ્યારે બાળકીને cpr આપતા તેનો બચાવ થયો. જો કે ઘટનાના કેટલાક કલાક બાદ બાળકીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. માતાએ બાળકી સાથે નદીમાં કેમ પડતું મૂક્યું, આ મહિલાએ કેમ આવું પગલું ભર્યું તે મામલે અમદાવાદ પોલીસે તપાસ શરૂ કરી છે. જોકે, આ બનાવના વીડિયો હચમચાવી દે તેવા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, મહિલાની ઓળખ ૩૮ વર્ષીય પિંકીબેન રાવત હોવાનું ખૂલ્યું છે. જેમણે બે વર્ષની દીકરી સાથે નદીમાં ઝંપલાવ્યું હતું. તેમણે મોત સમયે દીકરીનો હાથ પકડી રાખ્યો હતો, જેથી મોત બાદ તેમની લાશ સાથે દીકરી ચોંટેલી રહી હતી. માતના મૃતદેહ સાથે બાળકી પાણીમાં તરી રહી હતી. આ દ્રશ્ય ભલભલાને સમસમાવી દે તેવા હતા. બાળકી રડી રહી હતી.

રેસ્ક્યૂ ટીમે ફાયર વિભાગની ટીમે બંનેના મૃતદેહોને નદીમાંથી બહાર કાઢ્યા હતા. બાળકી જીવિત હોવાથી તેને તાત્કાલિક સીપીઆર આપવામાં આવ્યું હતું. બાળકી રડતી હતી. એમ્બ્યુલન્સને જાણ કરી હતી, પરંતુ બાળકીનો જીવ બચાવવા માટે પોલીસની ગાડીમાં જ બાળકીને હોસ્પિટલ લઈ ગયા હતા. બાળકીનું સારવાર દરમિયાન ફેફસામાં પાણી ભરાઈ ગયું હોવાથી મોત થયું હતું.

## હવામાન વિભાગની સાત દિવસની આગાહી

# ગુજરાતમાં ભારેથી અત્યંત ભારે વરસાદ ખાબકશે

અમદાવાદ

ગુજરાતમાં ફરીથી મેઘરાજાનું જોર ધીરે ધીરે વધી રહ્યું છે. ત્યારે એક લો પ્રેશર એરિયાની સાથે વધુ એક લો પ્રેશર એરિયા બની ગયો છે. એક મોન્સૂન ટ્રફ બંગાળની ખાડીમાંથી અરબ સાગરમાં જઈ રહ્યું છે. જેના કારણે હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સાત દિવસ ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

સોમવારે ૧૮મી તારીખે જુનાગઢ, પોરબંદર, નવસારી, તાપી, ડાંગ, વલસાડમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, મોરબી, કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરતમાં યલો એલર્ટ સાથે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સક્રિય થઈ છે. જે આગળ વધ્યા બાદ ગુજરાત પર તેની અસર થશે. રાજ્યમાં વરસાદનું જોર વધવાની આગાહી હવામાન વિભાગે આપી છે. આ સાથે બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી પણ આપી છે. ગુજરાતમાં આગામી સાત દિવસ હળવાથી ભારે વરસાદ વરસવાની આગાહી આપવામાં આવી છે.

૧૯મી તારીખે દ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડમાં અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે રાજકોટ, જુનાગઢ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત તમામ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

૨૦મી તારીખે અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડમાં ગાજવીજ સાથે અત્યંત ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, રાજકોટ, ભરૂચ, સુરત, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંતના તમામ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી છે.

૨૧મી તારીખે કચ્છ, જામનગર, દ્વારકા, પોરબંદર, જુનાગઢમાં ગાજવીજ સાથે અતિભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંતના તમામ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

# મટકીફોડ કાર્યક્રમમાં વીજપોલ તૂટી પડતા એક કિશોરનું મોત

કચ્છ

શનિવારની રાતે આખું ગુજરાત કૃષ્ણમય બનીને તેની ભક્તિમાં લીન થયું હતું, ત્યાં કચ્છના ભચાઉના ચોબારી ગામમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. મટકી ફોડ કાર્યક્રમ દરમિયાન વીજપોલ તૂટી પડ્યો હતો. જેમાં એક કિશોરનું મોત નિપજ્યું છે, તો એક ઘાયલ છે. ભચાઉના ચોબારી ગામમાં મટકી ફોડ કાર્યક્રમ દરમિયાન આ દુર્ઘટના સર્જાઈ હતી. ચોબારી ગામમાં જન્માષ્ટમીની રાતે રામ મંદિર પાસે મટકી ફોડ કાર્યક્રમ આયોજિ કરાયો હતો. લોકો મટકીફોડમાં વ્યસ્ત હતા, ત્યાં આ દરમિયાન રસ્સી ખેંચતા વીજપોલ તૂટી પડ્યો હતો, અને આ દરમિયાન અચાનક નાસભાસ થઈ હતી. લોકોએ વીજપોલ તૂટી પડતા દોડી ગયા હતા, પરંતુ બે કિશોર તેની અડફેટે આવી ગયા હતા. જોકે, વીજપોલ બે કિશોર પર પડ્યો હતો. લોકોએ વીજપોલ હટાવીને કિશોરોને બહાર કાઢ્યા હતા. પરંતુ વીજપોલ દુર્ઘટનામાં એક કિશોરનું મોત નિપજ્યું હતું. તેમજ અન્ય એક કિશોર ઘાયલ થયો છે.

## હવે નવા ભેદ ખૂલશે

# મારામારી બાદ ફરાર ડાયરા કલાકાર દેવાયત ખવડ ઝડપાયો

## દેવાયત હુમલાની ઘટના બાદથી ફરાર હતો : તેની સામે ખવડ સામે લૂંટ, હત્યાના પ્રયાસનો ગુનો દાખલ છે

અમદાવાદ

પાંચ દિવસથી ફરારફ ગુજરાતી ડાયરા કલાકાર દેવાયત ખવડની અટકાયત કરાઈ છે. મારામારીના કેસમાં ફરાર દેવાયત ખવડ સકંજામાં આવ્યો છે. ત્યારે હવે મારામારીના કેસના નવા રહસ્યો ખૂલશે. લોક સાહિત્યકાર દેવાયત ખવડની ધરપકડ કરવામાં આવી છે. દેવાયત ખવડ સહિત ૬ શખ્સોની ધરપકડ કરાઈ છે. ધ્રુવરાજસિંહ પર હુમલાના કેસમાં દેવાયત ખવડ સકંજામાં આવ્યો છે.

દેવાયત હુમલાની ઘટના બાદથી ફરાર હતો. તેની સામે ખવડ સામે લૂંટ, હત્યાના પ્રયાસનો ગુનો દાખલ છે. દુધઈ પાસેના ફાર્મહાઉસ પરથી દેવાયતની ધરપકડ કરાઈ છે. લોકડાયરનો કલાકાર દેવાયત ખવડની પોલીસે ધરપકડ કરી છે .થોડા દિવસો પહેલા હુમલામાં વપરાયેલ બે કાર ગીર સોમનાથથી બિનવારસી હાલતમાં મળી હતી. પોલીસની ચાર અલગ અલગ ટીમો દેવાયત ખવડને ઝડપી લેવા તપાસ કરી રહી હતી. તલાલા પોલીસે ધરપકડ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારે ફાર્મ હાઉસમાં દેવાયત સાથે ૬ લોકોની પોલીસે ધરપકડ કરી હતી. બે દિવસ પહેલા દેવાયત ખવડ મુળીના દુધઈ ગામે દેખાયાના સીસીટીવી સામે આવતા સુરેન્દ્રનગર એલસીબી પણ તપાસમાં જોડાઈ હતી. હુમલાની ઘટનામાં ધ્રુવરાજસિંહ ચૌહાણ સાથે ઘર્ષણને લઈને દેવાયત ખવડ સહિત ૧૫ લોકો સામે ફરિયાદ નોધાઈ છે..

અમદાવાદના સનાથલ ગામે રહેતા ધ્રુવરાજસિંહ ચૌહાણ અને દેવાયત ખવડ વચ્ચે છ માસ પહેલા ડાયરામાં હાજરી ન આપવા બાબતને લઈ માથાકૂટ થઈ હતી. જેમાં કલાકાર દેવાયત ખવડની કારમાં ધ્રુવરાજસિંહ ચૌહાણ સહિતનાઓએ નુકશાન કર્યું હતું. આ અંગેની ફરિયાદ નોંધાઈ હતી જ્યારે સામા પક્ષે દેવાયત ખવડે ૮ લાખ રૂપિયા લઈ ડાયરામાં હાજર ન થતા છેતરપિંડીની ફરિયાદ દાખલ થઈ હતી.

આ બાદ બે દિવસ પહેલા દેવાયત ખવડ અને અન્ય શખ્સો દ્વારા ધ્રુવરાજસિંહની રેકી કરી પૂર્વ આયોજિત કાવતરું યોજી માર મારવામાં આવ્યો હતો. તેમજ તેને સોશિયલ મીડિયા દ્વારા તેમની રેકી થઈ રહી હોવાની માહિતી મળી હતી અને તેજ પ્રમાણે દેવાયત ખવડ અને અન્ય શખ્સો ધ્રુવરાજસિંહ બુકાની બાંધી કાર અથડાવી હુમલો કરવામાં આવ્યો. જોકે અચાનક દેવાયત ખવડની બુકાની ખુલી જતા યુવરાસિંહ ઓળખી ગયાનું પોલીસે જણાવ્યું. પોલીસ દ્વારા દેવાયત ખવડ સહિત અન્ય ૧૫ લોકો વિરુદ્ધ અનેક ગુનાઓ દાખલ કરી શોધખોળ હાથ ધરાઈ છે. તાલાલા પોલીસે દેવાયત ખવડ સહિત ૧૬ જેટલા ઈસમો વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા અધિનિયમ ૨૦૨૩ની કલમ ૧૦૯, ૩૧૧, ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૬૧, ૩૫૨, ૩૫૧(૩) તથા આર્મસ એક્ટની કલમ ૨૫(૧)(બ)(છ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ સહિતની કલમો હેઠળ તાલાળા પોલીસ મથકે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

બીજી તરફ દેવાયત ખવડ અને તેના માણસોએ 'પૂજા પંડ્યા' નામના ડમી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી ધ્રુવરાજસિંહ ચૌહાણને મેસેજ કર્યાનો ખુલાસો થયો છે. જેમાં એક મેસેજમાં લખ્યું હતું કે, આ બાજુ આવવામાં ધ્યાન રાખજે. દેવાયત અડી જશે. તો બીજા મેસેજમાં લખ્યું હતું કે, લોકેશન મોકલ. તને મળીને જઈશું. ૧૦૦ ટકા લખીને રાખજે. આ મેસેજ ધ્રુવરાજસિંહ ચૌહાણને દેવાયત ખવડ અને તેના માણસોએ કર્યા હોવાની એક થિયરી સામે આવી છે.

# ગઢડાના સ્વામિનારાયણ મંદિરના રૂમમાંથી જુગારધામ ઝડપાયું

બોટાદ

સમગ્ર દેશભરમાં હર્ષોલ્લાસ સાથે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાઈ. સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીની સાથે સાથે શ્રાવણિયા જુગારનું પણ મહત્વ છે. ત્યારે બોટાદના ગઢડાના સ્વામીનારાયણ મંદિરના ઉતારા રૂમમાં જ જુગાર રમતા પકડાયા છે. જેમાં એક સ્વામી પણ પકડાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઢડા પોલીસે જૂના સ્વામીનારાયણ મંદિરના રૂમમાંથી જુગાર રમતા ૮ લોકોને ઝડપી પાડવામાં આવ્યા. પોલીસે રોકડા રૂ. ૧.૧૦.૮૫૦ તેમજ ૮ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો. જૂના સ્વા મંદિરના ઉતારા વિભાગના પાંચમા માળે રૂમ નંબર ૫૦૯ માં જુગાર ચાલતો હતો. પોલીસે બાતમીના આધારે રૂમમાં રેડ કરતા ૮ શખ્સો પૈસાની હાર જીતનો જુગાર રમતા હતા.

જૂના સ્વા મંદિરના રૂમ નં ૫૦૯ મા રહેતા હરિકૃષ્ણ ગભરુભાઈ વાઘ ઉર્ફે પાર્ષદ હરીકૃષણ ગુરુ છત્રભુજદાસજી સ્વામી જુગાર રમાડતાં હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું. ત્યારે પોલીસે હરીકૃષણ ગભરુભાઈ વાઘ ઉર્ફે પાર્ષદ હરીકૃષણ ગુરુ છત્રભુજદાસજી સ્વામી, જીગ્નેશ કાવઠીયા, રાજેશ સાવલીયા, લાલજી વાઘેલા, પરેશ જોગાણી, કેવલ કાવઠીયા, પંકજ કાવઠીયા, પુર્વેશ જોગાણીની અટકાયત કરી. પોલીસે તમામ શખ્સો વિરૂધ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે. ગઢડા જૂના સ્વામિનારાયણ (ગોપીનાથજી) મંદિરના ચેરમેન હરીજીવનદાસજી સ્વામીએ ઘટનાને વખોડી.

ગઢડા જુના સ્વા મંદિરના રૂમમાંથી ઝડપાયેલ જુગાર ધામ મામલે મંદિરના ચેરમેન હરીજીવનદાસજી સ્વામીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, તહેવારના દિવસો અને ટ્રાફિક હતો, જેથી હરિભક્તો વ્યવસ્થામાં હતા, જેથી ભગતે તેનો લાભ લીધો હતો.

પાર્ષદ હરીકૃષણ ભગતે પોતાના આવાસમાં બારણું બંધ કરીને જુગાર રમતા હતા જે પોલીસ રેડમાં બહાર આવ્યું. પોલીસ કડક કાર્યવાહી કરે. તેમજ મંદિર પણ આ ભગત સામે સંસ્થાકીય પગલા લેશે.

અમારે આવા વ્યક્તિઓ સાથે કોઈ લેવાદેવા નથી અને આવા લોકો સામે કડક પગલા લેવાવા જ જોઈએ. આ પાર્ષદ ભગત અમારા ગ્રુપ કે પક્ષનો માણસ નથી, તેઓ જૂના આચાર્ય પક્ષનો માણસ છે. આ ભગત એસપી સ્વામીના રૂમે જમે છે, તે આવા લોકોને પ્રોત્સાહન આપે છે, જે સંપ્રદાય અને સંસ્થા માટે દુ:ખદ કહેવાય.

## સુરતમાં કળિયુગી પુત્રએ કરી પિતાની હત્યા

# તમારે અન્ય સ્ત્રી સાથે સબંધ છે તેમ કહી ઢીમ ઢાળી દીધું

## આ હત્યા પાછળનું કારણ પુત્રને તેના પિતાના અન્ય મહિલા સાથેના સંબંધો હોવાની શંકા હતી

સુરત

સુરતના પાલી ગામમાં એક ચોંકાનારી ઘટના બની હતી. આ સમગ્ર ઘટનાની વિગત અનુસાર પાલી ગામમાં રહેતા ૪૦ વર્ષીય મૃતક ચેતન રાઠોડ નામના વ્યક્તિની તેના જ સગીર પુત્રએ ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરી છે. મૃતક ચેતન રાઠોડ બાગકામમાં નોકરી કરતા હતા. જ્યારે તેમનો પુત્ર ફિલ્ટર પાણીના બાટલા ડિલિવરી કરવાનું કામ કરતો હતો. ઘટના સમયે ચેતન રાઠોડ પોતાના ઘર પાસે મોબાઈલમાં ગેમ રમી રહ્યા હતા. તે જ સમયે, તેમનો સગીર પુત્ર ત્યાં આવ્યો અને અચાનક તેમના પર ચપ્પુ વડે હુમલો કર્યો. આ હુમલામાં ચેતન રાઠોડને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, ચેતન રાઠોડ અને તેમના પત્ની-પુત્ર વચ્ચે એક મહિના પહેલાં પણ અન્ય મહિલા સાથેના સંબંધોને લઈને ઝઘડો થયો હતો. આ ઝઘડા બાદ ચેતનની પત્ની તેમના પુત્ર અને પુત્રીને લઈને પિયર પણ જતી રહી હતી, પરંતુ થોડા સમય બાદ તેઓ પાછા ફર્યા હતા. ગત રાત્રિએ ફરીથી આ જ મુદ્દે પિતા-પુત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વણસતા, આવેશમાં આવીને સગીર પુત્રએ ઘરમાંથી ચપ્પુ લઈ પોતાના પિતા પર જીવલેણ હુમલો કર્યો. આ હુમલામાં ચેતન રાઠોડને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

હુમલાના અવાજ સાંભળીને આસપાસના લોકો દોડી આવ્યા હતા. જોકે, ત્યાં સુધીમાં ચેતન રાઠોડનું નિધન થઈ ગયું હતું. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.પોલીસને ઘટનાની જાણ થતા સચિન જીઆઈડીસી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે હત્યારા સગીર પુત્રની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક ચેતન રાઠોડના પરિવારમાં તેમની પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. બે પુત્રો પૈકી મોટા સગીર પુત્રએ જ આ અત્યંત ગંભીર કૃત્ય કર્યું છે. પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં શોક અને ચકચારનો માહોલ છે.

# ગોંડલમાં ધોધમાર વરસાદે લોકમેળાની મજા બગાડી

ગોંડલ

ગોંડલમાં સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયું છે. શહેરમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જેના કારણે ગોંડલનો લોકમેળો પણ પ્રભાવિત થયો છે.

મેળાના ગ્રાઉન્ડમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતા રાઈડ્સ બંધ કરવાની ફરજ પડી છે, જેથી મેળાની મજા માણવા આવેલા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

વાવણી બાદ પ્રથમવાર ગોંડલમાં આટલો ધોધમાર વરસાદ થયો છે. સતત વરસતા વરસાદને કારણે મેળાના ગ્રાઉન્ડમાં કાદવ અને પાણીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. મેળાનું સંચાલન કરતા સંચાલકોને પણ ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. વરસાદને કારણે મેળામાં આવતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે.હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ પણ ગોંડલ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે. વરસાદના કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છે, પરંતુ મેળાના આયોજકો અને મુલાકાતીઓ માટે તે મુશ્કેલીરૂપ સાબિત થયો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી રાજ્યમાં વરસાદનું જોર વધશે અને આગામી પાંચ દિવસ સુધી સાર્વત્રિક વરસાદ પડશે. બંગાળની ખાડીમાં એક લો પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ છે જે આગામી ૪૮ કલાકમાં ગુજરાત તરફ આગળ વધશે. એક મોન્સૂન ટ્રફનો છેડો નીચે આવીને રાજસ્થાન, ઉત્તર ગુજરાત અને મધ્યપ્રદેશના સરહદી વિસ્તારો સુધી પહોંચશે. જ્યારે વાતાવરણના મધ્ય લેવલે પણ એક ટ્રફ સિસ્ટમ સક્રિય થઈ છે.

## મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ખાતે ૭૯માં સ્વતંત્રતા પર્વની રાજ્યકક્ષાની ગૌરવભેર ઉજવણી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગરિમાપૂર્ણ માહોલમાં તિરંગાને સલામી આપી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૭૯મા સ્વાતંત્ર્ય પર્વે મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરમાં રાષ્ટ્રભક્તિમય માહોલમાં ધ્વજવંદન કરાવી તિરંગાને સલામી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ૧૯૬૦માં ગુજરાતની અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી શરૂ થયેલી વિકાસયાત્રાને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૧મી સદીમાં નવી દિશા, નવી ઉર્જા અને વેગ મળ્યા છે, તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

તેમણે રાજ્યના નાગરિકોને ૭૯મા સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓ પાઠવતા જાહેર કર્યું કે, વર્ષ ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થાય છે, ત્યાં સુધીમાં સર્વાંગી વિકાસ અને વધુ લોકાભિમુખ વહીવટના નવા આયામો સિદ્ધ કરવા 'સમૃદ્ધ રાજ્ય, સમર્થ નાગરિક'ના ધ્યેય સાથે 'એજન્ડા ફોર ૨૦૩૫' સરકાર લાવી રહી છે.

વડાપ્રધાનશ્રીએ આપેલ 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યના આધારે 'વિકસિત ગુજરાત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે આ 'એજન્ડા ૨૦૩૫' હોલ ઓફ ગવર્મેન્ટના અભિગમ સાથે દિશાસૂચક બનશે એમ પણ તેમણે સ્વતંત્રતા દિવસ અવસરે નાગરિક સંબોધનમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ 'એજન્ડા ૨૦૩૫'ના ફ્રેમવર્કમાં રાજ્ય વ્યાપી આંતરમાળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવી, નાગરિકોને સામાજિક અને આર્થિક રીતે સક્ષમ કરવા ઉપરાંત આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે ઈનોવેશન આધારિત વિકાસ માટેની ઈકો સિસ્ટમ અને નવી ઉભરતી ટેકનોલોજીના ઉપયોગ માટે યુવા વર્ગને તૈયાર કરવા સહિતના પાસાઓને આવરી લેવાની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય શ્રમ–રોજગાર મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવીયા, ભાગવત કથાકાર સંત પૂજ્ય રમેશભાઈ ઓઝા, સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય શ્રી અર્જુન મોઢવાડિયા અને જિલ્લાના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસ બેન્ડની રાષ્ટ્રગીત સુરાવલી અને પરેડ સાથે આ ધ્વજવંદના કરાવી હતી.

તેમણે આ અવસરે પોરબંદરને આંગણેથી રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ અને સમયબદ્ધ શહેરી વિકાસ આયોજનની મહત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ શહેરોની સાથે ગામોના પણ વેલ પ્લાન્ડ ડેવલપમેન્ટ માટે 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' જાહેર કરતા જણાવ્યું કે જે ગ્રામ પંચાયતો તાલુકા મથક હોય અને નગરપાલિકામાં ભળી ન હોય તેવી ગ્રામ પંચાયતોનો સર્વાંગી વિકાસ કરીને તેને શહેરી તર્જ ઉપર વિકસાવવા અને ભૌતિક સુવિધાઓ ઊભી કરવા રૂપિયા ૧૦૦ કરોડની 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' લાવ્યા છીએ.

મોટા ગામડાઓ શહેરોનો વિકલ્પ બને અને નાગરિકો શહેરો તરફથી આવા મોટા ગામો તરફ આવવા પ્રેરાય તેવો આ યોજનાઓનો હેતુ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ નવી યોજનામાં ખાસ કરીને માળખાગત સુવિધાઓને લગતા કામો, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સોલાર સ્ટ્રીટ લાઈટ તથા આરોગ્ય સુખાકારી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના કામો સમાવિષ્ટ કરાશે તેમ જણાવ્યું હતું.

રાજ્યમાં આ વર્ષે ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ દરમિયાન નાના નગરોના સુઆયોજિત વિકાસ માટે ૧૦૦થી વધુ ટાઉન પ્લાનિંગ સ્કીમ અને એક લાખ સુધીની વસ્તી ધરાવતા ૫૫ નગરો માટે રૈંજી આધારિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની જાહેરાત મુખ્યમંત્રીશ્રીએ આ તકે કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે શહેરો હોય કે ગ્રામીણ વિસ્તાર, દરેક સુધી વિકાસ પહોંચે તેવી હોલીસ્ટિક ડેવલપમેન્ટની નેમથી સરકાર કાર્યરત છે.

આ સંદર્ભમાં તેમણે ડબલ એન્જિન સરકારના બેવડા લાભ સાથે રાજ્યમાં વિવિધ ક્ષેત્રે થયેલા વિકાસ અને જનહિત યોજનાઓની સિદ્ધિઓની વિશદ છણાવટ કરી હતી. ગુજરાત આજે નેટ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ દ્રજીઢ્ઢૈંમાં વ્યક્તિ દીઠ રૂપિયા ૧.૯૬ લાખ સાથે દેશના મોટા રાજ્યોમાં અગ્રેસર છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ફોર ગ્લોબલ' માટે સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા, ઉપયોગ કરવાની ભારપૂર્વક હિમાયત કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત માટે આપેલા કોલને સાકાર કરવા દરેક ક્ષેત્રે નિર્ભરતાથી પ્રભુત્વ તરફ આગળ વધી આત્મનિર્ભર થવા તેમણે આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ટીમ ગુજરાતે પણ વંચિત, ગરીબ, છેવાડાના અને અંત્યોદયને કેન્દ્રમાં રાખીને જ આવાસ, આહાર, આરોગ્ય, અભ્યાસ અને આર્થિક ઉન્નતિ માટેની અનેક યોજનાઓનું સફળ અમલીકરણ કર્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં શહેરી અને ગ્રામીણ મળીને ૧૧ લાખ આવાસ, ૨.૯૦ કરોડ લોકોને આયુષ્માન આરોગ્ય કાર્ડ, ૩ કરોડ ૨૬ લાખ અંત્યોદય લોકોને વિનામૂલ્યે અનાજ જેવી સિદ્ધિઓ વર્ણવી હતી.

તેમણે ઉમેર્યું કે, ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે બનેલી યોજનાઓનો લાભ ૧૦૦ ટકા તેમને મળે તે માટે સેચ્યુરેશન અપ્રોચ અને જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાન શરૂ કર્યા છે.

આદિવાસીઓના સર્વગ્રાહી ઉત્કર્ષ માટે વનબંધુ કલ્યાણ યોજના - ૨માં આ વર્ષે ૩૦,૧૨૧ કરોડની માતબર ફાળવણી કરી છે.

અત્યાર સુધીમાં આદિજાતિના બાળકોના શિક્ષણ માટે ૪૩૦૦ કરોડથી વધુની શિષ્યવૃતિ સહાય આપી છે. તેની વિગતો તેમણે આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી વર્ષના સંદર્ભમાં આપી હતી.

શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ એમ 'ગ્યાન' આધારિત ચાર સ્તંભોના સશક્તિકરણના અનેક આયામો રાજ્ય સરકારે ઉપાડ્યા છે.

યુવા શક્તિના કૌશલ્યથી સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમને વધુ મજબૂત કરી રહ્યા છીએ. પાંચ લાખ લખપતિ દીદી અને મહિલા સંચાલિત દૂધ મંડળીઓમાં ૨૧ ટકા મહિલા ભાગીદારીએ નારીશક્તિને સશક્ત કરી છે.

અન્નદાતાના હિતોને પણ અગ્રતા આપીને બીજથી બજાર સુધી સરકાર તેની પડખે ઊભી છે. માછીમાર ભાઈઓને ડીઝલ વેટની રાહત સહાય ડીબીટીથી ચૂકવવામાં આવે છે તેની વિગતો તેમણે આપી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે ૧૨ 'ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર', ડીસાથી પીપાવાવ 'નમો શક્તિ એક્સપ્રેસ વે' અને સોમનાથ દ્વારકા એક્સપ્રેસ વે વિકસાવવાના આયોજનની વાતો વર્ણવી હતી.

તેમણે ગુજરાતને વેપાર-ઉદ્યોગના વર્લ્ડ મેપ પર ચમકાવનારી વાઈબ્રન્ટ સમિટ ની ઉત્તારોતર સફળતાને પગલે હવે રાજ્ય સરકાર



રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવાની છે તેની ભૂમિકા આપતા કહ્યું કે આવનારા સમયમાં રાજ્યના મહાનગરોમાં વિશ્વ કક્ષાની રમતનું આયોજન થવાનું છે તે માટે વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિકસાવી રહ્યા છીએ.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં સુરક્ષા–સલામતી, આરોગ્ય સુખાકારી, બાળકોને પૌષ્ટિક પુરક આહાર માટેની મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાની સફળતાઓ પણ પ્રસ્તુત કરી હતી. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૪૭માં દેશની આઝાદીની શતાબ્દી ઉજવાય તે પહેલા ૨૦૩૫માં રાજ્યના ૭૫ વર્ષની ઉજવણી માટેનો અવસર આપણને મળવાનો છે. વિકસિત ભારત – ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત – ૨૦૪૭ અને ગુજરાતજ૭૫ માં ગુજરાતને દેશના સર્વગ્રાહી વિકાસમાં વધુ નવી વૈશ્વિક ઊંચાઈઓ પાર કરાવવાનો સહિયારો સંકલ્પ ૭૯મા સ્વતંત્રતા પર્વે લેવાનો પણ તેમણે રાજ્યના પ્રજાજનોને કોલ આપ્યો હતો.

સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણીના પ્રારંભે મુખ્યમંત્રીશ્રીનું આગમન થતા મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી અને પોલીસ મહાનિર્દેશક શ્રી વિકાસ સહાય મુખ્યમંત્રીશ્રીને પોડીયમ તરફ દોરી ગયા હતા.

રાષ્ટ્રીય પર્વની આ શાનદાર ઉજવણીમાં જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત પોલીસ દ્વારા દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પોલીસના જવાનો દ્વારા અશ્વ શો, બાઈક સ્ટંટ શો અને ડોગ શો સહિતના કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં હતા. જેને નિહાળી ઉપસ્થિત લોકો મંત્રમુગ્ધ બન્યા હતા. પરેડમાં મહારાષ્ટ્ર પોલીસ સહિત ૧૯ પ્લાટુનના કુલ ૬૮૫ કર્મચારી - જવાનોએ ભાગ લીધો હતો.

સંબોધન બાદ મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં સવાર થઈને પરેડ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરનારા કલાકારો, પોલીસ જવાનો અને વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમના અંતે ફોટો પડાવી ઉત્સાહવર્ધન કર્યું હતું.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).